ઘરૈયાઓ તબલાં કે ઢોલના તાલે ગીત લલકારતા દાંડિયા રાસ રમીને ઘૂમશે

# મજીગામના મલ્લિકાર્જુન મહાદેવ મંદિરે ઘરૈયા નૃત્યએ લોકોમાં આકર્ષણ જન્માવ્યું

## દિવાળી પછી દક્ષિણ ગુજરાતમાં અનેક સ્થળોએ ઘરૈયા સ્પર્ધા યોજાશે

ચીખલી : ચીખલી અને ખેરગામ તાલુકા સહિત નવસારી જિલ્લા અને સમગ્ર ગુજરાતના લોકોનો મનપસંદ તહેવાર એટલે જ દિવાળી એમ કહીએ તો જરાય અજૂગતું નથી. દિવાળીથી દેવદિવાળી સુધીનો સમય એટલે જાણે કે તમામ સમાજના લોકો અને તેમાં પણ વિશેષ કરીને આદિવાસી સમાજ માટે કેટલાય દિવસો સુધી આસપાસના ગામોમાં ઘરૈયા નાચીને ઘરના દુઃખ દૂર કરવાની પરંપરા. વાઘ બારસથી લઈને ધનતેરસ અને લાભ પાંચમથી કાળી ચૌદસ સુધી ના દિવસો દરમિયાન ઘર બાંધી દેવને રિઝવવાનો અવસર હોવાનું આદિવાસી સમાજ માને છે. દક્ષિણ ગુજરાતમાં અનેક સ્થળોએ ઘરૈયા સ્પર્ધા યોજાશે, જેમાં ખીલીમોરા મહાદેવ મંદિર ખાતે યોજનારી સ્પર્ધાનું વિશેષ સ્થાન રહે છે.



દિવાળીનું પર્વ ચીખલી અને ખેરગામ તાલુકા સહિત નવસારી જિલ્લાના આદિવાસી ગ્રામ્ય વિસ્તારોમાં ઘેર ઘેર નૃત્ય સાથે આનંદની છોળો ઉડાડે છે. ચીખલી તાલુકાના મલ્લિકાર્જુન મહાદેવ મંદિરે શનિવારના રોજ કાળી ચૌદસના મેળા નિમિત્તે મંદિરના કમ્પાઉન્ડમાં અને ઘરેલા મંડપીઓ દ્વારા ઘરૈયા નૃત્ય કરવામાં આવ્યું હતું, જેમાં ખેરગામના અનુજ ફળિયાના ઘરૈયા મંડળ દ્વારા ખૂબ જ સુંદર નૃત્ય કરવામાં આવ્યું હતું. ઘરૈયાઓનું નૃત્ય માત્ર શક્તિની આરાધના નહીં પર વિવિધ પ્રકારની માન્યતાઓ પર આ સાથે જીવા મળે છે. જેમ કે, મૂતબાન્આઓની આ ઘરૈયા મંડળી દ્વારા તાર મરાવીને થાઢ કરવી, ઘરમાં કોઈ નાનું બાળક હોય એને ઘોડીએ ચડાવીને એના શેષ જીવનને આનંદમય બનાવવાની માન્યતા, માન્યતા અનુસાર ઘરૈયાઓ જ્યારે ઘેરના નાદ સાથે ઘરના આંગણે નાચે છે ત્યારે ઘરના તમામ દુઃખ, રોગ, નજરદોષ દૂર થાય છે અને સુખ-સમૃદ્ધિ આવે છે. ઢોલ ત્રાંસાની થાપ પર, માથે મોરપીંછના મુગટ અને રંગબેરંગી પોશાકમાં સજ્જ આ યુવાનો જ્યારે ઘેર નાચે છે ત્યારે જોવા જેવો માહોલ સર્જાય છે. ઘૈરિયાનો પોશાક અંધનાદેવ જેવો હોય છે. કપ્પો મારીને સાડી અને ઉપર બ્લાઉઝ અને વળી માથે પાઘડી અને કમર ઉપર બળદોને ગળામાં બાંધવામાં આવે એ ઘૂઘરા રખાવતા હોય, હાથમાં લાકડાના જાડા ડાંડિયા અને મોરપીંછની કલગીથી તેઓ શોભતા હોય છે. સમયના વહેણ સાથે હવે બકવાય પણ આવ્યો છે. હવે બૂટ, મોજા અને આંખે ગોગલ્સ પણ ટેકવાય ઘૈરિયા ધારણ કરે છે. આવા અનેરા ઘૈરિયાઓ એક ફરેથી બીજા ઘરે ઘૂમવા જાય છે.

અગાઉ બનેલા મકાનોના કાગળો પાસ કરી ગેરરીતિ કર્યાનો પડઘો

# આરક-રણોદ્રામાં આવાસ યોજનામાં ગેરરીતિ મુદ્દે મહિલા સરપંચ શર્મિષ્ઠા રાઠોડ બરતરફ

। નવસારી ।

જલાલપોર તાલુકાના આરક-રણોદ્રા જૂથ ગ્રામ પંચાયતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ અંતર્ગત થયેલી ગંભીર ગેરરીતિઓ અને ભ્રષ્ટાચાર મામલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. પંચાયતના સરપંચશ્રી દ્વારા સરકારી નિયમોની એસી-તેસી કરી, ફરજમાં બેદરકારી દાખવી નાણાકીય ગેરરીતિ આચરવામાં આવતા જિલ્લા વિકાસ અધિકારીએ સરપંચ શર્મિષ્ઠાબેન રાઠોડને તાત્કાલિક અસરથી હોદ્દા પરથી દૂર કરવાનો સપાટો બોલાવ્યો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, આરક-રણોદ્રા ગામે પટેલ ફળિયામાં રહેતા અરજદાર અનિલકુમાર દિનેશસિંહ ઠાકોરે ગત તા. ૦૨/૦૭/૨૦૨૨ના રોજ જિલ્લા પંચાયતમાં લેખિત રજૂઆત કરી હતી. જેમાં ગામના સરપંચ તથા તલાટી કમ મંત્રી દ્વારા સરકારી કામોમાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાના આક્ષેપો કરી યોગ્ય તપાસની માંગ કરવામાં આવી હતી. આ અરજીના પગલે જિલ્લા વિકાસ અધિકારીએ અહેવાલ મંગાવ્યો હતો. ટીડીઓ દ્વારા રજૂ કરાયેલા અહેવાલમાં ખૂલ્યું હતું કે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ડિરિક્કુમાર રમણભાઈ રાઠોડ અને નરેશ રમણભાઈ રાઠોડને આવાસનો લાભ આપવામાં આવ્યો છે. પરંતુ ઓનલાઈન પોર્ટલ પર અપલોડ કરાયેલી માહિતીમાં તેમની અટક રાઠોડના બદલે 'હળપતી' અને કેટેગરી અનુસૂચિત જાતિના બદલે 'અનુસૂચિત જનજાતિ' દર્શાવવામાં આવી હતી. લાભાર્થી નરેશ રાઠોડે પોતાનું મકાન વર્ષ ૨૦૧૪થી બાંધકામ ચાલુ કરી લોન લઈને ત્રણ વર્ષમાં જ પૂર્ણ કરી દીધું હતું. તેમ છતાં વર્ષ ૨૦૨૦-૨૦૨૧ દરમિયાન આવાસ રજીસ્ટર કરાવી, તા. ૨૬/૦૨/૨૦૨૩ના રોજ પ્રથમ હપ્તો ચૂકવી દેવાયો હતો. જીઓટેગના ફોટામાં પણ ખિલ લેવલ વખતે જ મકાન પૂર્ણ હાલતમાં હોવાનું સ્પષ્ટ સાબિત થયું હતું. ગ્રામ્ય સ્તરે સરકારી યોજનાઓનું પારદર્શક અમલ કરાવવાની અને દેખરેખ રાખવાની સીધી જવાબદારી સરપંચની હોય છે. પરંતુ આરક-રણોદ્રાના સરપંચ શર્મિષ્ઠાબેન ભાસ્કરભાઈ રાઠોડે અગાઉથી જ બની ચૂકેલા મકાન માટે સહાયનું ચુકવણું મોકલી ગેરરીતિ આચર્યાનું પ્રથમ દૃષ્ટિએ ફલિત થયું હતું. સરપંચે મનસ્વી વર્તન કરી સરકારના નીતિ-નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કર્યું હોવાનું સ્પષ્ટ થયું હતું.

સમગ્ર કેસમાં પક્ષકારોની રજૂઆતો અને પુરાવાઓને ધ્યાને લઈને નવસારી જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણીએ મોટો નિર્ણય લીધો છે. સરપંચ શર્મિષ્ઠાબેન ભાસ્કરભાઈ રાઠોડને સત્તાનો દુરૂપયોગ કરવા તથા પ્રધાનમંત્રી આવાસ યોજનામાં અયોગ્ય રીતે મકાન મંજૂર કરાવી નિયમો ભંગ કરવા બદલ આરક-રણોદ્રા ગામ પંચાયતના સરપંચ પદેથી દૂર કરવાનો હુકમ કર્યો છે.


**મે.વાંસદાના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ.વાંસદા**

જાહેર નોટીસ

અરજદાર : દંતકોલ નવનાતસિંહ પ્રભાત — ફોજદારી પરચુરણ અરજી નં. ૨૨૬/૨૦૨૬
G.આ.ધ.- ૭૮, ઘોડી-ધરતળ, — ફો.ન. ૧૬/૧૧/૨૦૨૬
વર્ષ. પ્રાતઃબળવ, તા. વાંસદા જી. નવસારી — અરજદાર તા વકી જે.જી.પટેલ

વિરુદ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, પ્રાતઃબળવ, ગ્રામ પંચાયત, પ્રાતઃબળવ તા.વાંસદા જી. નવસારી

અરજી ઉપર ફરમાવવા પ્રાતઃબળવ ગામ નોટીસથી પણ્યાવવામાં આવે છે કે, ઉપરોકત નામવાળા અરજદારે આ કામના પુજ. પત્રવ્યવહાર ફુલ્લુવાલા મિલકતો અંગેનું મારા- વીંછી, તા. વાંસદા જી. નવસારી પુરાવો ક.૧૮/૧૧/૨૦૨૬ના રોજ કરેલાનું જણાવી જણાવવામાં આવેલ કે, ૨૦૨૬ ફેરફાર ફોજદારી પરચુરણ અરજી નં. ૨૨૬